GJBK010028132025

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ થયા તા. | ૨૧/૭/૨૦૨૫ | | |
| કેસ રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૧/૭/૨૦૨૫ | | |
| કેસ ફેસલ કર્યા તા. | ૨૮/૪/૨૦૨૬ | | |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | | |

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

## FORM-A

## બનાસકાંઠાનાં મ્હે. સ્પે.જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.
## શુભદા કૃષ્ણકાન્ત બક્ષી, સેશન્સ જજ, પાલનપુર

**સ્પે. (ઈલેકટ્રીક) કેસ નં. ૪૧૯/૨૦૨૫**

**આંક–**

### એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::–

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | જી.યુ.વી.એન.એલ. મહેસાણા<br>સે.ગુ.ર.નં. ૭૬૬/૨૦૨૪ |
| ગુન્હો | ધી ઈન્ડીયન ઈલેટકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)બી |
| તહોમતનામા મુજબ તહોમત | ધી ઈન્ડીયન ઈલેટકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)બી |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : ભાવેશકુમાર શીવરામભાઈ પટેલ) |
| વિ.એ.પી.પી.શ્રી | આર.પી.વૈષ્ણવ |
| આરોપી | (૧) **નીતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલ,**<br>ઉ.વ. ૪૭,<br>રહે. અગ્રેસન સોસાયટી, માનસરોવર રોડ,<br>પાલનપુર, તા. પાલનપુર. |
| આરોપીઓ તરફે વિ.વ. શ્રી | વી.બી.રામસેના |

## FORM–B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૬/૧/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૧૭/૩/૨૦૨૪ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૯/૬/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૯/૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૯/૧૦/૨૦૨૫ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | ૧૨/૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૮/૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | -- |

**આરોપીઓની વિગત :-**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડ ની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નીતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલ, | - | - | ધી ઇન્ડીયન ઇલેટકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)બી | શંકાનો લાભ | -- | -- |

**FORM-C**

ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ :-

**(એ) ફરીયાદપક્ષ તરફે :-**

| સાહેદ નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | અશોકકુમાર સોનાજી ઠાકોર | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ- | ૯ |
| ૨ | ભાવેશકુમાર શીવરામભાઇ પટેલ | ફરીયાદી (ચેકીંગ ટીમના સભ્ય) | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૩ | આશુતોષ સંતગીરી ગોસ્વામી | સાહેદ (ચેકીંગ ટીમના સભ્ય) | ૧૬ |
| ૪ | જીગ્નેશકુમાર રઘજીભાઇ ચૌધરી | સાહેદ (મીટર ચકાસનાર) | ૧૮ |
| ૫ | કમરઅલી આદમભાઇ મોરીયા | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ– | ૨૪ |
| ૬ | રમેશભાઇ જગદીશભાઇ મકવાણા | સાહેદ(જુનીયર એન્જી.) | ૨૫ |
| ૭ | જયેશકુમાર કનૈયાજી મકવાણા | પી.એસ.ઓ. | ૨૬ |
| ૮ | સુમિતકુમાર જીતેન્દ્ર રાજપુત | ત.ક.અ. | ૨૮ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ /પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–

## :: દસ્તાવેજી પુરાવાઓ ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૨ | ફરીયાદ | ૧૨ |
| ૩ | પુરવણી બીલ | ૧૩ |
| ૪ | વીજ ચોરીનું બીલ | ૧૪ |
| ૫ | વીજ ચોરીની રકમ ભરવા સબબ નોટીસ | ૧૫ |
| ૬ | તપાસણી અહેવાલ | ૧૭ |
| ૭ | મીટરની તપાસણી અંગેની સીડી | ૧૯ |
| ૮ | એકઝી.એન્જી.નો પત્ર | ૨૦ |

| | | |
|---|---|---|
| ૯ | રીપેક પેપરસીલ | ૨૧ |
| ૧૦ | સંયુકત લેબોરેટરી ચકાસણી અહેવાલ | ૨૨ |
| ૧૧ | મીટર કેલીબ્રેશન ટેસ્ટ | ૨૩ |
| ૧૨ | ડેપ્યુટ હુકમ | ૨૭ |
| ૧૩ | સી.આર.પી.સી.ની કલમ- ૪૧(૧) મુજબ નોટીસ | ૨૯ |
| ૧૪ | આરોપીના આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, મકાન વેરાની પાવતી | ૩૦ |
| ૧૫ | વીજ મીટરની ડીટેઈલ | ૩૧ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો :-**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :-**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત :-**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| – | – | _ |

## -:: <u>JUDGMENT</u> ::-

**૧.** હાલના આરોપી વિરુધ્ધ ધી ઈન્ડીયન ઈલેટકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)બી મુજબના ગુનાનું તહોમત છે.

**૨.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૬/૧/૨૪ ના રોજ ક. ૧૨/૨૮ વાગે જી.ઈ.બી.ના અધિકારી/કર્મચારીઓ ધ્વારા હાથ ધરેલ વીજ ચેકીંગ દરમ્યાન આ કામના આરોપી વીજ ગ્રાહક હોવાછતાં,

આરોપીએ અગ્રેસન સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર મુકામે આવેલ પોતાના કબજા ભોગવટાના મકાનમાં વીજ મીટરની પેટી પરનો સીલ ટેમ્પર્ડ કરી મીટરના ટર્મીનલ બ્લોકને ખોલી મીટરની અંદર રહેલ મીટરની ફેઝ સર્કીટમાં રહેલા શંટરજીસ્ટન્સના બે વાયર પૈકી એક વાયરને કાપી મીટરની પીસીબી સર્કીટમાં જતો વીજ પ્રવાહ કાયમી ધોરણે ''૦'' કરી તેમજ મીટરની ન્યુટ્રલ સર્કીટમાં પરોવેલી કોઇલના બે વાયર વચ્ચે પંચર કરી કોઇ બાહ્ય રજીસ્ટન્સનું કાયમી ધોરણે જોડાણ આપી, મીટરની ન્યુટ્લ સર્કીટમાં પીસીબીમાં જતો વીજ પ્રવાહ કાયમી ધોરણે ઓછો થાય તેવી કાયમી વ્યવસ્થા કરી અને તે મુજબ વીજ મીટરમાં વીજ ચેડા કરી વીજ મીટર કાયમી ધોરણે ફરતુ બંધ કરી ઘરમાં ગેરકાયદેસર વીજ વપરાશ કરી, કુલ રૂા. ૩,૨૬,૨૧૪/- ની વીજ ચોરી કરતાં મળી આવી આરોપીએ ધી ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા મતલબની ફરીયાદ, ફરીયાદીએ જી.યુ.વી.એન. એલ. પોલીસ સ્ટેશન, મહેસાણા પોલીસ સ્ટેશન ઓફિસર સમક્ષ નોંધાવતા તેનાં આધારે તા. ૧૭/૩/૨૪ ના રોજ ધી ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ -૨૦૦૩ ની કલમ-૧૩૫ (૧)(બી) મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરવામા આવેલો અને તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા પાલનપુરના વિ. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામા આવેલ.

3. સદર કામે આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યા ની તેમજ આરોપીને બચાવ માટે સરકારી વકીલશ્રીની જરૂર છે કે કેમ? તેવી ખાત્રી કરી, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની એક માત્ર સત્તા સ્પેશ્યલ અદાલતને હોય, વિ.ચીફ જયુડી.મેજી.શ્રી, પાલનપુરનાઓએ આ કેસ સેશન્સ અદાલતને ટ્રાન્સમીટ કરેલ છે. ત્યારબાદ, આ સ્પેશ્યલ કેસની સુનાવણી આ સ્પેશ્યલ અદાલત મારફત હાથ ધરવામા આવેલ છે.

૪. આ કામનાં આરોપી વિરૂઘ્ધ અત્રેની કોર્ટ ઘ્વારા આંક–૬ થી ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી. આંક–૭ થી આરોપીનો જવાબ લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આરોપી વિરુઘ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ જેમા ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

૫. ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે જેમા આરોપીએ તેઓ વિરુઘ્ધ પડેલ પુરાવાનો ઈન્કાર કરી તેઓ નિર્દોષ હોવાનું અને તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

૬. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.પી.વૈષ્ણવ ઘ્વારા કરવામાં આવેલી વિસ્તૃત મૌખીક દલીલો સાંભળી. વિ.એ.પી.પી.શ્રીએ તેમની મૌખિક દલીલોમાં મુખ્યત્વે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓને આધીન આ કામના આરોપી વિરૂઘ્ધ ધી ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(બી) અન્વયે નો ગુન્હો પુરવાર કરેલ હોય, આરોપીને મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

૭. આરોપી તરફે વિ.વ. શ્રી વી.બી.રામસેનાને સાંભળ્યા. વધુમાં આરોપી તરફે આંક–૩૬ થી લેખીત દલીલો રજુ થયેલ છે જે વંચાણે લીધી. આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની મૌખિક તેમજ લેખીત દલીલોમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, વીજ કનેકશન હાલના આરોપીના નામે નોંધાયેલ નથી. આ વીજ મીટરનો વપરાશ આરોપી પોતાના કબજા ભોગવટાના મકાનમાં કરતા હોય તેવો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. આ કામે ફરીયાદપક્ષે એક માત્ર જી.ઈ.બી.ના અધિકારી કર્મચારીનો જ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. ત.ક.અ.શ્રીનો પુરાવો જોતાં, બનાવ સ્થળ સોસાયટીમાં આવેલ છે અને આજુબાજુ રહેણાંકના ઘરો આવેલા હોવાછતાં, ફરીયાદપક્ષે આવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લઈ તેઓનો પુરાવો ફરીયાદપક્ષે રેકર્ડ

કરવામાં આવેલ નથી. સ્વતંત્ર એવા પંચ સાહેદોની હાજરીમાં તકરારી મીટર કબજે કરવામાં આવેલ નથી. ફરીયાદ જોતાં બે માસના વિલંબ બાદ નોંધાવવામાં આવેલ છે અને તે બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું થયેલ છે. પંચનામું જોતાં, પંચનામા દરમ્યાન કોઇ ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ નથી. આંક–૨૦ ના મીટર ચકાસણી રીપોર્ટ મુજબના ચેડા હાલના આરોપી ધ્વારા જ કરવામાં આવેલ હોય તેવો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર થતું નથી. આરોપીએ વીજ ચોરીની રકમ ભરપાઇ કરી દીધેલ છે જે તમામ હકીકતો ધ્યાને લઇ, આરોપીને ગુના સબબ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૮. ઉપરોકત સંજોગોમાં આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, તા. ૧૬/૧/૨૪ ના રોજ ક. ૧૨/૨૮ વાગે જી.ઇ.બી.ના અધિકારી/કર્મચારીઓ ધ્વારા હાથ ધરેલ વીજ ચેકીંગ દરમ્યાન આરોપી વિજ ગ્રાહક હોવાછતાં, આરોપીએ અગ્રેસન સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર મુકામે આવેલ પોતાના કબજા ભોગવટાના મકાનમાં વિજ મીટરની સાથે ચેડા કરી, વિજ મીટર કાયમી ધોરણે ફરતુ બંધ કરી ઘરમાં ગેરકાયદેસર વિજ વપરાશ કરી, કુલ રુ. ૩,૨૬,૨૧૪/–ની વિજ ચોરી કરતાં મળી આવી, આરોપીએ ધી ઇલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ– ૧૩૫(૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે ::–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

**૧૦.** આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા આ કામના આરોપી વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)(બી) અન્વયે શીક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપી વિરૂધ્ધનો ગુન્હો પુરવાર કરે છે કે કેમ? તે માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક પુરાવાઓની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**<u>ફરીયાદી અને સાહેદોનાં પુરાવાની ચર્ચા</u> : :–**

**૧૧.** ફરીયાદપક્ષે આંક– ૧૧ થી સાહેદ નં. ૨ તરીકે ફરીયાદી ભાવેશકુમાર શીવરામભાઈ પટેલને તપાસવામાં આવેલ છે. આ ફરીયાદીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૬/૧/૨૦૨૪ ના રોજ તેઓ ડેપ્યુટી એન્જીનિયર તરીકે પાલનપુર હાઈવે સબ ડીવીઝનમાં ફરજ બજાવતા હતા ત્યારે સબ ડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ પાલનપુર શહેરમાં વિજ ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી અને તે વિજ ચેકીંગમાં નિતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલ તેમના રહેણાંકના ઘરે વિજ ચોરી કરતા વિજ કર્મચારીઓની રેડ દરમીયાન વિજ ચોરી કરતા પકડાયેલા અને તે અંગેની ફરીયાદ તેઓએ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન મહેસાણા ખાતે લેખિતમાં આપેલી. આરોપી વિજ ગ્રાહક હતા અને આરોપીનો વિજ ગ્રાહક નં. ૭૩૦૪૯/૦૫૧૨૩/૦ હતો અને જે વિજ જોડાણ ક્રિષ્ણાબેન બદ્રીપ્રસાદ અગ્રવાલના નામે તેમની વિજ કંપનીમાં નોંધાયેલ હતુ અને આરોપીનું મકાન પાલનપુર શહેરમાં અગ્રસેન સોસાયટીમાં આવેલુ છે અને વિજ ચેકીંગ દરમીયાન વિજ ગ્રાહક ચેકીંગ શીટ અને લેબ રેકોર્ડ અનુસાર વિજ ગ્રાહક ધ્વારા એમ.એમ.બી. પેટીનો સીલ સાથે ચેડા કરી મીટરના ટર્મિનલ બ્લોકને ખોલી મીટરની અંદર રહેલ મીટરના ફેઝ સર્કિટમાં રહેલા વધારાનો સન્ટરજીસ્ટન્સ બે

વાયરમાં એક વાયરને કાપી મીટરના પીસીબી સર્કિટમાં જતા વિજ પ્રવાહ કાયમી ધોરણે '૦' કરેલ અને મીટરના ન્યુટ્રલ સર્કિટમાં પરોવેલા બે વાયર વચ્ચે પંચર કરી બાહય રજીસ્ટન્સનુ કાયમી ધોરણે જોડાણ આપી મીટરની ન્યુટ્રલ સર્કિટમાં પીસીબીમાં જતો વિજ પ્રવાહ કાયમી ધોરણે ઓછો થાય તેવી કાયમી વ્યવસ્થા કરી વિજ ચોરી વિજ ગ્રાહકે કરેલી અને તે સબંધેની સદર વિજ ગ્રાહક સામે તેઓએ ફરીયાદ નોંધાવેલી. વિજ ગ્રાહકે આ સ્માર્ટ ચોરી કરેલી છે. વિજ ચોરીનુ બીલ આપતા પહેલા કઈ રીતે વિજ ચોરી કરેલ તે બાબતે ગણત્રી કરી સપ્લીમેન્ટરી બીલ તૈયાર કરેલ, તેમાં તેમની સહી છે. વિજ ચોરી મુજબનુ વિજ ચોરીનુ વિજ બીલ ગ્રાહકને વિજ ચોરી કરેલ તે પ્રમાણે ગણત્રી કરીને આપવામાં આવેલુ.ત્યારબાદ આ કામે વિજ ગ્રાહકને વધારાનુ બીલ રૂા. ૩,૨૬,૨૧૪/- ની વિજ ચોરીની રકમ ભરવા બાબતે રજી. એડી.થી તેઓએ નોટીસ આપેલી, વિજ કંપનીએ આપેલ વિજ ચોરીના બીલના નાણાં આરોપીએ કંપનીમાં ભરપાઈ કરેલ છે, પરંતુ કંમ્પાઉન્ડીંગ ચાર્જ બાકી છે. વિજ ગ્રાહકે મીટરમાં છેડછાડી કરી સ્માર્ટ ચોરી કરેલ તે બાબતે કંમ્પાઉન્ડીંગ ચાર્જ તેઓ સીધી રીતે લઈ શકતા નથી. આ જ વિજ ગ્રાહકનો આવી સ્માર્ટ ચોરીનો બીજો વિજ ચોરીનો કેસ થયેલ છે. તેમને ફરીયાદ દાખલ કરવા વિજ ચોરીનો તપાસણી અહેવાલ મળેલો તેમજ વિજ ચોરી સબંધે વિજ કંપનીનો લેબ રીપોર્ટ પણ ફરીયાદ સમયે મળેલો જેના આધારે તેઓએ આ વિજ ગ્રાહક સામે કાયદેસરની ફરીયાદ કરેલ છે.આ ફરીયાદીના પુરાવા દરમ્યાન આંક- ૧૨ થી ફરીયાદ, આંક- ૧૩ થી પુરવણી બીલ, આંક- ૧૪ થી વીજ ચોરીનું બીલ, આંક- ૧૫ થી વીજ ચોરીની રકમ ભરવા સબબ નોટીસ રજુ થયેલ છે.

આંક-૧૧ ના ફરીયાદીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, તા. ૧૬/૧/૨૪ ના રોજ બનાવ બન્યા બાદ તા. ૧૭/૩/૨૪ ના રોજ બે માસ બાદ વિજ ચોરીની

ફરીયાદ દાખલ કરેલ છે. વધુમાં સ્વીકારેલ છે કે, અગ્રેસન સોસાયટી માનસરોવર રોડ ઉપર આવેલી છે અને ત્યાં રહેણાંકના ઘરો આવેલા છે. જે મકાનમાં વીજ ચેકીંગમાં ગયેલ તે ઘરમાં લગાવેલ વીજ મીટર આરોપીની માતા ક્રિષ્ણાબેન બદ્રીપ્રસાદ અગ્રવાલના નામનું હતું. તે સમયે ક્રિષ્ણાબેન હયાત હતા કે કેમ? તે અંગે તેઓએ કોઇ પુછપરછ કરેલ નહીં પરંતુ ક્રિષ્ણાબેનના પ્રતિનિધી તરીકે નિતીનભાઇના દિકરા હાજર હતા. તેઓ ચેકીંગમાં ગયા તે અરસામાં ક્રિષ્ણાબેન હયાત ન હતા. આરોપી સામે તેઓએ બે ગુના દાખલ કરેલા અને બંને ફરીયાદ આરોપી સામે કરેલી. વધુમાં સ્વીકારેલ છે કે, હાલમાં સોલાર પેનલ નાંખવાની સ્કીમ ચાલે છે. આરોપીએ તા. ૨૭/૧૨/૨૩ ના રોજ સીંગલ ફેઝમાંથી થ્રી ફેઝ કરવા માટે તથા વીજ કનેકશન ફેરવવા માટે તેમની ઓફીસમાં અરજી કરેલી. આરોપીએ નિયત મુજબ ચાર્જ પણ ભરેલ હતો. આ અરજીના અનુસંધાને તેઓ આરોપીના ઘરકે ચેકીંગ માટે ગયેલા અને તા. ૨/૧/૨૪ ના રોજ તેમના કર્મચારકીઓએ આરોપીના ઘરનું કનેકશન સીંગલ ફેઝમાંથી થ્રી ફેઝમાં ફેરવેલું. કનેકશન ફેરવવા કર્મચારીઓ ગયા ત્યારે મીટર બોક્ષમાં કોઇ છેડછાડ થયેલી હતી કે કેમ? તે તેઓ ગયેલ ન હોઇ કહી શકે નહીં. તે સમયે સ્થળ ઉપર ચેકીંગ શીટ તૈયાર કરેલ અને તેની નકલ આરોપીને આપેલી. સ્થળ તપાસણી અહેવાલ તેમની કંપનીના કર્મચારીએ તૈયાર કરેલ. ફરીયાદ સાથે રજુ થયેલા તમામ દસ્તાવેજો પ્રીન્ટેડ ફોર્મમાં છે. વધુમાં સ્વીકારેલ છે કે, આરોપી તેમની વીજ કંપનીના છેલ્લા ૩૦ વર્ષથી ગ્રાહક હશે. આ બનાવ અગાઉ આરોપીએ કોઇ વીજ ચોરી કરેલ હોય તેવું તેમના ધ્યાનમાં આવેલ નથી. વીજ ગ્રાહક પોતાનું બીલ સમયસર ભરતો હતો. આરોપીને જે દંડ કરેલ તે ભરપાઇ કરી દીધેલ છે.

**૧૨.** ફરીયાદપક્ષે આંક– ૧૬ થી સાહેદ નં. ૩ તરીકે આશુતોષ સંતગીરી ગોસ્વામીને તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં જણાવે

છે કે, તા. ૧૬/૧/૨૦૨૪ ના રોજ તેઓ જુનીયર એન્જીનિયર તરીકે પાલનપુર હાઈવે સબ ડીવીઝનમાં ફરજ બજાવતા હતા ત્યારે સબ ડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ પાલનપુર શહેરમાં વિજ ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી અને તે જ દિવસે તેઓ તથા બી.એસ.પટેલ, ડે.એન્જીનિયર તથા પી.કે.પંચાલ, ઈલે. આસી., વિગેરે વિજ ચેકીંગમાં ગયેલા અને પાલનપુર શહેરમાં અગ્રસેન સોસાયટીમાં વિજ ચેકીંગમાં નિતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલના રહેણાંકના ઘરે વિજ ચોરી કરતા વિજ કર્મચારીઓની રેડ દરમીયાન વિજ ચોરી કરતા પકડાયેલા, જેઓ તેમના ગ્રાહક હતા. વિજ ચેકીંગ દરમીયાન આરોપી પોતાના ઘરે લગાવેલ વિજ કંપનીના વિજ મીટરને આરોપીએ પરમેનેન્ટ ડીસકનેકટ કરવા તેમની વિજ કંપનીને અરજી કરતા વિજ કંપનીના ઉપરોકત જણાવેલ તેઓ વિજ કર્મચારીઓ આરોપીને ત્યાં વિજ ચેકીંગ કરવા ગયેલા અને તે સમયે આરોપી નિતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલ હાજર હતા. આ વિજ જોડાણ ક્રિષ્ણાબેન બદ્રીપ્રસાદ અગ્રવાલના નામે હતુ. વિજ કનેકશન ડીસકનેકટ કરવાનુ હોય અને મીટર લેવા જતા મીટરમાં છેડછાડ થયેલ હોય કનેકશન ન્યુટ્રલ હોવા છતાં વિજ પ્રવાહ જરુરીયાત કરતાં વધારે જોવા મળેલ અને પ્રાથમીક રીતે મીટરમાં છેડછાડ કરેલ જોવા મળતાં આરોપીની હાજરીમાં વિજ મીટર કાઢી લઈ સીલપેક કરી લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટે મોકલી આપેલ અને તે અંગેનો વિજ જોડાણ નો તપાસણી અહેવાલ સ્થળ ઉપર તૈયાર કરેલો અને તેમાં આરોપીની સહી કરાવેલ અને તેઓએ તથા તેમની સાથેના કર્મચારીઓએ સહીઓ કરેલી. વિજ મીટરની તપાસણી દરમીયાન વિજ મીટરમાં એમ્પીયરમાં તફાવત આવેલો અને જેના કારણે આ વિજ મીટરમાં શંકા ગયેલી અને જેથી આ મીટરની ચકાસણી લેબમાં કરવા મીટર ત્યાંથી યથાવત સ્થિતિમાં સીલપેક કરી આરોપીની હાજરીમાં જ મીટર લેવામાં આવેલુ. વિજ કંપનીના વિજ ગ્રાહક તરીકે ક્રિષ્ણાબેન બદ્રીપ્રસાદ અગ્રવાલ હતા અને તેમના પ્રતિનિધિ તરીકે નિતિનકુમાર

બદ્રીપ્રસાદ અગ્રવાલ કે જેઓ વપરાશકર્તા અને કબજેદાર તરીકે હાજર હતા અને તપાસણી અહેવાલમાં સહી લીધેલી. આ સાહેદના પુરાવા દરમ્યાન આંક– ૧૭ થી તપાસણી અહેવાલ રજુ થયેલ છે.

આંક– ૧૬ ના સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવે છે કે, આરોપીના ઘરે કાયમી ધોરણે ડીસકનેકશન કરવા અરજી આપતા તેના અનુસંધાને તેઓ ત્યાં ગયેલા. અગ્રેસન સોસયટીમાં બધા રહેણાંકના ઘરો આવેલા છે. તેઓ જે ઘરે ગયેલા તે બે માળનું મકાન હતું. બે માળના મકાનમાં ઉપર નીચે બે મીટર હતા. સાહેદ જણાવે છે કે, તેઓ નીચેના મકાનમાં આવેલ મીટરની તપાસ કરવા ગયેલા. બંને માળના મીટર નીચેના ભાગે આજુબાજુમાં લગાવેલ હતા. વીજ કનેકશન ક્રિષ્ણાબેનના નામનું હતું. તપાસણી અહેવાલ પ્રીન્ટેડ ફોર્મમાં છે. તપાસણી અહેવાલમાં નાયબ ઈજનેરની કોઇ સહી નથી.

**૧૩.** ફરીયાદપક્ષે આંક– ૧૮ થી સાહેદ નં. ૪ તરીકે જીગ્નેશકુમાર રઘજીભાઇ ચૌધરીને તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં જણાવે છે કે, તા. ૨૫/૧ /૨૦૨૪ ના રોજ તેઓ પાલનપુર ડીવીઝન વિભાગ– ૧ લેબ કચેરી ખાતે ફરજ બજાવતા હતા તે સમયે તેમની સાથે આર.જે.મકવાણા, જુનિ. એન્જી., એન.પી.જોષી, સીનીયર ટેકનીશીયન તથા મીટર ટેસ્ટર તરીકે વી.બી.હિરવાણીયા તથા વી.એચ. પ્રજાપતિ ફરજ બજાવતા હતા. તા. ૨૫/૧/૨૦૨૪ ના રોજ આર.જે.મકવાણા નિતિન બદ્રીપ્રસાદ અગ્રવાલના ઘરનુ વિજ મીટર લેબ ચકાસણી માટે લઈને આવેલા અને તે સમયે આરોપી પણ હાજર હતા અને તેઓને સાથે રાખી લેબ કચેરીના સીનીયર ટેકનીસીયન તથા મીટર ટેસ્ટરનાઓએ વિજ મીટર ખોલીને લેબ ચકાસણી કરતા મીટરનુ પેપરસીલમાં કોઈ છેડછાડ થયેલ ન હતી, તે પેપર સીલને દૂર કરી પ્લાસ્ટીકનુ સીલ ચેક કરતા તેમાં છેડછાડ થયેલાનુ માલુમ પડેલ. ત્યારબાદ તે દૂર કરી પેટીમાંથી મીટરને બહાર કાઢતા તેના બોડી સીલ

બરાબર હતા, પરંતુ નીચેનો ટર્મીનલ બ્લોક તે બહાર કાઢી કોઈક કેમીકલના ઉપયોગથી ફરીથી ચીપકાવેલ હોય તેવુ માલુમ પડેલુ. ત્યારબાદ તે મીટરને બેન્ચ ઉપર ચઢાવી ચેક કરતા મીટરના ફેઝ સર્કિટમાં એમ્પીયર 'શુન્ય' બતાવતા હતા અને ન્યુટ્રલ સર્કિંગમાં ઓછા એમ્પીયર બતાવતા હતા. ટેસ્ટ બેન્ચ ઉપર મીટરનો ટેસ્ટ લેતા મીટરનુ રેકોર્ડીંગ ઓછુ જણાયેલુ. વધુ તપાસ અર્થે આરોપીની હાજરીમાં મીટર ખોલીને ચેક કરતા તેની મીટરની ફેઝ સર્કિટમાં બે વાયર પૈકી એક વાયર કાપેલો હતો તથા ન્યુટ્રલ સર્કિટમાં રહેલી કોયલના બે વાયર વચ્ચે પંચર કરી બાહય રજીસ્ટ્રન્સનુ કાયમી જોડાણ આપેલ જોવા મળેલ હતુ. જેના પરીણામે મીટર ઓછી એનર્જી રેકર્ડ કરતુ જોવા મળેલ હતુ. આ તમામ પ્રોસીઝર આરોપીની હાજરીમાં કરવામાં આવેલ હતી. ત્યારબાદ મીટરને પેટી સાથે પેપરસીલ કરવામાં આવેલ હતી અને તેમાં પંચોની તથા આરોપીઓની સહી લેવામાં આવેલ હતી અને તમામ લેબ પ્રોસીઝરની વિડીયોગ્રાફી કરવામાં આવેલ હતી. તેમની લેબમાં વિજ મીટરની તપાસણી કરેલ. ત્યારે તે અંગેની વિડીયોગ્રાફી કરેલ. આ વિજ મીટરના વિજ ગ્રાહક તરીકે અગ્રવાલ ક્રિષ્ણાબેન બદ્રીપ્રસાદ અને જેનો વિજ ગ્રાહક નં. ૭૩૦૪૯/૦૫૧૨૩/૦ હતો અને તેઓએ લેબમાં વિજ મીટરની ચકાસણી કરેલી તેનો તેઓએ અહેવાલ રજુ કરેલો, જે અહેવાલ તેમના એકઝી. એન્જી. શ્રીએ ડેપ્યુટી એન્જી. પાલનપુર હાઈવે સબ–ડીવીઝનમાં અહેવાલ રજુ કરેલો. વિજ મીટરનો પેપરસીલ રીપેક કરેલુ અને તેના અનુસંધાને રીપેક કરવા સબબ તેમની હાજરીમાં આરોપીએ અને તેઓએ સહી કરેલી. લેબોરેટરી અહેવાલ તથા કેલીબ્રેશન ટેસ્ટમાં આરોપીની તથા તેમની સહીઓ છે. લેબમાં આ વિજ ગ્રાહકના વિજ મીટરનુ લેબ ટેસ્ટીંગ થતાં વિજ ચોરી થયેલાનુ માલુમ પડેલુ. સમગ્ર લેબ ટેસ્ટ દરમીયાન આરોપી તેમની સાથે હાજર હતા અને તેમની હાજરીમાં તેમના ઘરેથી કબજે લીધેલ મીટરનુ લેબ ટેસ્ટીંગ કરવામાં આવેલ. આ સાહેદે ના.કોર્ટ રુબરુ આરોપીને ઓળખી

બતાવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન આંક– ૧૯ થી મીટરની તપાસણી અંગેની સીડી, આંક– ૨૦ થી એકઝી.એન્જી.નો પત્ર, આંક–૨૧ થી રીપેક પેપરસીલ, આંક– ૨૨ થી સંયુકત લેબોરેટરી ચકાસણી અહેવાલ, આંક–૨૩ થી મીટર કેલીબ્રેશન ટેસ્ટ રજુ થયેલ છે.

આંક–૧૮ ના સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, આરોપીના ઘરેથી જે વીજ મીટર લઇને આવેલ તે મીટરના સીલમાં કોઇ છેડછાડ કરેલી ન હતી અને તેનું સીલ તેઓએ તોડેલું અને તેમાંથી મીટર બહાર કાઢેલું. તે અરસામાં વીજ મીટર આરોપીના નામનું હતું. લેબ ટેસ્ટ થયા બાદ ચેકીંગ શીટ ઉપલા અકિારીએ તૈયાર કરેલી. રીપેક પેપરસીલ પ્રીન્ટેડ ફોર્મ છે અને તેમાં તમામ વિગતો ભરેલી છે. સંયુકત લેબોરેટરી ચકાસણી અહેવાલ તેમની સાથેના કર્મચારીએ તૈયાર કરેલ. આંક–૨૦ થી ૨૩ સુધીના રજુ થયેલ તમામ ફોર્મ પ્રીન્ટેડ છે અને તેમાંનું હસ્તાક્ષર લેબમાં ફરજ બજાવતા મીટર ટેસ્ટર વી.બી.હીરવાણીયાના છે. મીટરના લેબ ટેસ્ટ સીવાય અન્ય કોઇ કામગીરી તેઓએ કરેલ નથી.

**૧૪.** ફરીયાદપક્ષે આંક– ૨૫ થી સાહેદ નં. ૬ તરીકે રમેશભાઇ જગદીશભાઇ મકવાણાને તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો જોતાં જણાવે છે કે, તા. ૨૫/૧/૨૪ ના રોજ તેઓ પાલનપુર હાઇવે સબ ડીવીઝનમાં જુનીયર એન્જીનીયર તરીકે ફરજ પર હતા ત્યારે તે દિવસે નાયબ ઇજનેરશ્રી બી.એસ.પટેલ નાઓએ એક વીજ મીટર યુ.એસ.પી.૨૩૫૯૫૬૪ની લેબ ચકાસણી કરાવવા સારૂ સુચના આપતાં આ વીજ મીટરની લેબ ચકાસણી સારૂ તા.૨૫/૧/૨૪ ના રોજ વીજ ગ્રાહક નીતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલ સાથે પાલનપુર વિભાગ–૧ લેબ કચેરીમાં વીંજ મીટરની લેબ ચકાસણી કરાવેલી તે વખતે લેબ વિભાગના જુનીયર એન્જીનીયર જે.આર.ચૌધરી તથા સીનીયર ટેકનીશીયલ એન.પી.જોષી તથા મીટર ટેસ્ટટર

વિ.બી.હિરવાણીયા તથા વી.એસ. પ્રજાપતી વિગેરેએ વીજ મીટર ચેક કરેલ જે અહેવાલમાં વીજ ગ્રાહકે વીજ મીટર સાથે ચેડા કરી કાયમી ધોરણે બંધ કરેલ હોવાનો લેબ ચકાસણી રીપોર્ટ તેમને આપતાં તેઓએ સદરે રીપોર્ટ તથા વીજ મીટર સંભાળી લઈ વીજ મીટર તથા લેબ ચકાસણી અહેવાલ નાયબ ઈજનેરશ્રી પાલનપુર હાઈવે સબ ડીવીઝનના શ્રી બી.એસ. પટેલ સાહેબને સોપેલો. આરોપીને તેઓ ઓળખે છે.

આંક– ૨૫ ના સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓએ ગયેલ નથી. લેબ ટેસ્ટનો રીપોર્ટ મળ્યા બાદ વીજ ચોરી ગયેલ છે તેની તેમને જાણ થયેલી. તેઓએ તૈયાર થયેલ વીજ રીપોર્ટ અને વીજ મીટર સંભાળી લીધેલ અને તે બંને નાયબ ઈજનેરશ્રી બી.એસ.પટેલનાઓને સોંપેલ તે સીવાય તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી.

**<u>પંચ સાહેદોના પુરાવાની ચર્ચા</u> : :–**

**૧૫.** ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ નં. ૨ તરીકે ભાવેશકુમાર શીવરામભાઈ પટેલને તથા આંક– ૨૪ થી સાહેદ નં. ૫ તરીકે કમરઅલી આદમભાઈ મોરીયાને તપાસવામાં આવેલા છે. આ સાહેદો ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોનો પુરાવો જોતાં, આ પંચ સાહેદોએ તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કથન મુજબના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ફકત પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આ પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં, આ પંચ સાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. આ પંચ સાહેદોના પુરાવાથી ઉપરોકત પંચનામું પુરવાર થતું નથી.

**<u>પોલીસ સાહેદોનાં પુરાવાની ચર્ચા</u> : :–**

**૧૬.** ફરીયાદપક્ષે આંક– ૨૬ થી સાહેદ નં. ૭ તરીકે પી.એસ.ઓ. જયેશકુમાર કનૈયાજી મકવાણાને તપાસવામાં આવેલ છે. આ

ત.ક.અ.શ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૭/૩/૨૪ ના રોજ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન મહેસાણા ખાતે તેઓ પી.એસ.ઓ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે નાયબ ઈજનેર પાલનપુર હાઈવે સબડીવીઝનની પી.આઈ. રૂબરૂની ફરીયાદ તેમને ગુનો દાખલ કરવા મળતા તેઓએ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન મહેસાણાના ગુના રજીસ્ટરે ઇન્ડીયન ઈલિકટ્રીક સીટી એકટની કલમ ૧૩૫(૧)(બી) મુજબ તહોમતદાર નિતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલ સામે દાખલ કરી આગળની તપાસ એસ.જે.રાજપુત પી.આઈને કાગળો સાથે સોપેલી અને તે અંગેનો ડેપ્યુટ હુકમ તેઓએ કરેલ. આ પી.એસ.ઓ.શ્રીના પુરાવા દરમ્યાન આંક– ૨૭ થી ડેપ્યુટ હુકમ રજુ થયેલ છે.

આંક–૨૬ ના પી.એસ.ઓ.શ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે, તેમના ઉપલા અધિકારીના કહેવાથી ગુનો રજીસ્ટર કરેલ તે સીવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી.

**૧૭.** ફરીયાદપક્ષે આંક– ૨૮ થી સાહેદ નં. ૮ તરીકે ત.ક.અ. સુમિતકુમાર જીતેન્દ્ર રાજપુતને તપાસવામાં આવેલ છે. આ ત.ક.અ.શ્રીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૮/૩/૨૦૨૪ ના રોજ તેઓ મહેસાણા જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ. જયેશકુમાર કનૈયાજી બ.નં. ૧૦૦૩૨ નાઓએ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. મહેસાણા સેકન્ડ ગુના રજી. નં. ૭૬૬ /૨૦૨૪, ઈન્ડીયન ઈલે. એકટ– ૧૩૫ (૧) (બી) મુજબની ફરીયાદ દાખલ કરી આગળની તપાસ તેમને ડેપ્યુટ કરેલ હતી. ત્યારબાદ ઉપરોકત ગુનાની તપાસમાં અગ્રસેન સોસાયટી, મકાન નં. ૨૫, પાલનપુર ખાતે તહોમતદાર– નિતિનકુમાર અગ્રવાલ હાજર મળતા તેઓને સી.આર.પી.સી. કલમ– ૪૧ (૧) મુજબની નોટીસ આપેલી. ત્યારબાદ ઉપરોકત ગુનાના કામે પંચો રુબરુ ગુનાવાળી

જગ્યાનુ પંચનામુ કરેલુ. પાલનપુર વિભાગીય લેબ કચેરીમાં હાજર સાહેદોના ઉપરોકત ગુનાના કામે નિવેદન લીધેલા. ત્યારબાદ ગુનાના કામે ફરીયાદી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ આરોપી– નિતીનભાઈ બદ્રીપ્રસાદનાઓને ચાર્જશીટના કામે કોર્ટમાં હાજર રહેવા નોટીસ આપેલી. ત્યારબાદ ઉપરોકત ગુનાના કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરી નામ. કોર્ટમાં મોકલી આપેલ. આરોપીને તેઓ ઓળખે છે. આ ગુનાના કામે તેઓએ આરોપીનુ આધારકાર્ડ, ચુંટણીકાર્ડ અને મકાનનો વેરો ભર્યાની પાવતી તપાસના કામે  આરોપી પાસેથી મેળવેલ. આ ત.ક.અ.શ્રીએ ના.કોર્ટ રુબરુ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આ ત.ક.અ.શ્રીના પુરાવા દરમ્યાન આંક– ૨૯ થી સી.આર.પી.સી.ની કલમ–૪૧(૧) મુજબની નોટીસ, આંક– ૩૦ થી તમો આરોપીના આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, મકાન વેરાની પાવતી, આંક–૩૧ થી વીજ મીટરની ડીટેઇલ રજુ થયેલ છે.

આંક– ૨૮ ના ત.ક.અ.શ્રીની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સ્વીકારેલ છે કે,  ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ તા. ૧૬/૧/૨૪ ના રોજ ક. ૧૨.૨૮ વાગે બનેલો અને તેની ફરીયાદ તા. ૧૭/૩/૨૪ ના રોજ એટલે કે બે મહીના અને એક દિવસ પછી જાહેર કરવામાં આવેલી. ફરીયાદ સાથેના કાગળોનો તેઓએ અભ્યાસ કરેલો. ફરીયાદ સાથેના કાગળો જી.ઇ.બી. કચેરીના માણસોએ તૈયાર કરેલા અને જે પ્રીન્ટેડ ફોર્મમાં હતા. ગુનાવાળી જગ્યાએ આવેલ મીટરની તેઓએ તપાસણી કરેલી અને મીટરના માલીક નિતિનભાઇ બદ્રીપ્રસાદ હતા. આંક–૧૭ થી રજુ થયેલ તપાસણી અહેવાલમાં મીટર માલીક તરીકે ક્રિષ્ણાબેન બદ્રીપ્રસાદ અગ્રવાલનું નામ છે. વધુમાં સ્વીકારેલ છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામું તા. ૨૫/૪/૨૪ ના રોજ ક. ૧૨/૦૦ થી ૧૩/૦૦ સુધીનું કરેલ છે. બનાવવાળી જગ્યાએ ૨૫–૨૭ રહેણાંકના ઘરો આવેલા છે. ગુનાવાળી જગ્યાની આજુબાજુના

મકાન માલીકોના તેઓએ કોઇ નિવેદન લીધેલ નથી તેમજ સોસાયટીના પ્રમુખ કે મંત્રીનો જવાબ લીધેલ નથી. બનાવવાળી જગ્યાએથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નથી. આ કામે લીધેલ નિવેદનો જી.ઇ.બી.ના કર્મચારીઓના લીધેલ છે. વધુમાં સ્વીકારેલ છે કે, આરોપીએ વીજ ચોરીની રકમ ભરપાઇ કરી દીધેલ છે અને તેની પાવતી રજુ કરેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની સંયુકત ચર્ચા</u> : :–**

**<u>મુદા નં. ૧ :–</u>**

૧૮. આ કામે આરોપી વિરૂધ્ધ આંક–૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, તા. ૧૬/૧/૨૪ ના રોજ ક. ૧૨/૨૮ વાગે જી.ઇ.બી.ના અધિકારી/કર્મચારીઓ ધ્વારા હાથ ધરેલ વીજ ચેકીંગ દરમ્યાન આરોપી વિજ ગ્રાહક હોવાછતાં, આરોપીએ અગ્રેસન સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર મુકામે આવેલ પોતાના કબજા ભોગવટાના મકાનમાં વિજ મીટરની સાથે ચેડા કરી, વિજ મીટર કાયમી ધોરણે ફરતુ બંધ કરી ઘરમાં ગેરકાયદેસર વિજ વપરાશ કરી, કુલ રુા. ૩,૨૬,૨૧૪/–ની વિજ ચોરી કરતાં મળી આવી, આરોપીએ ધી ઇલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ– ૧૩૫(૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા મતલબનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

૧૯. આરોપી વિરુધ્ધ આંક– ૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું ધ્યાને લેતાં, આરોપી વિરુધ્ધ જયારે ધી ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા મતલબનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે ખરેખર બનાવ સમયે આરોપીએ પોતાના કબજા ભોગવટાના મકાનમાં વિજ મીટરની સાથે ચેડા કરી, વિજ મીટર કાયમી ધોરણે ફરતુ બંધ કરી ઘરમાં ગેરકાયદેસર વિજ વપરાશ કરી, કુલ રુા. ૩,૨૬,૨૧૪/–ની વિજ ચોરી કરી ગુનો કરેલ છે કે કેમ? અને તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર

કરે છે કે કેમ? સબબ પ્રથમ ધી ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫(૧)(એ) ના પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરુરી બને.

**૧૩૫. વિજળીની ચોરી : : –**

**(૧)** જે કોઈ વ્યકિત બદદાનતથી

**(એ)** ઓવરોહેડ, અન્ડરગ્રાઉન્ડ સાથે અથવા વેકટર લાઈન અથવા કેબલ અથવા સર્વિસ વાપર અથવા લાઈસન્સદારની સર્વિસ સગવડ સાથે જોડે જોડાણ કરે અથવા કરાવડાવે અથવા,

**(બી)** મીટર સાથે ચેડા કરે, ચેડા કરેલ મીટર નાખે અથવા વાપરે, કરન્ટ રીવર્સીંગ ટ્રાન્સફોર્મર, લુઝ કનેકશન અથવા બીજી કોઈપણ યુકિત અથવા રીત વાપરે જે ચોકક્સ અથવા યોગ્ય રજીસ્ટ્રેશન, માપ અથવા ઈલેકટ્રીક મીટરીંગ સામે હસ્તક્ષેપ કરે અથવા અન્યથા એવી રીતે પરિણમે જેનાં ઈલેકટ્રીસીટીની ચોરી થાય અથવા બગાડ થાય અથવા,

**(સી)** ઈલેકટ્રીક મીટર, સાધનો, ઓજારો અથવા વાયરને નુકશાન પહોંચાડે અને તેનો નાશ કરે અથવા એવીરીતે નુકશાની કરવા અથવા નાશ અથવા કરવાની છુટ આપે જેથી, ઈલેકટ્રીકસીટીનાં યોગ્ય અને ચોકકસ મીટરીંગ સાથે હસ્તક્ષેપ થાય,

જેથી કરીને ઈલેકટ્રીસીટી જુદી પાડવામા અથવા વાપરવા મા અથવા ઉપયોગ કરવામા થાય તે ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા બંને શીક્ષાને પાત્ર થશે.

પરંતુ, જયારે જુદો પાડેલ, વાપરેલ અથવા ઉપયોગ કરેલ લોડ અથવા પ્રયત્ન કરેલ, જુદુ પાડવાનું અથવા પ્રયત્ન કરેલ વપરાશ અથવા પ્રયત્ન કરેલ ઉપયોગ

**(૧)** ૧૦ કિલોવોટ કરતા વધે નહીં ત્યારે તે કિસ્સામા પ્રથમ વખત દોષિત ઠર્યે નાખેલ દંડ, આવી વિકળીની ચોરી કરવાને લીધે થયેલ નાણાંકીય લાભનાં ત્રણ ગણા કરતા ઓછો ન હોવો જોઈશે અને નાખેલ પછીનાં ગુન્હાનાં પ્રસંગે, નાખેલ દંડ આવી વિજળી ચોરી નાં લીધે થયેલ નાણાંકીય લાભનાં છ ગણા કરતા ઓછો હોવો જોઈશે નહીં.

**(૨)** ૧૯ કિલોવોટ કરતા વધુ હોય તે કિસ્સામા પ્રથમ દોષિત ઠર્યે નાખેલ દંડ, આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાં કીય લાભનાં ત્રણ ગણા કરતા ઓછો હોવો જોઈશે નહીં અને બીજા અથવા પછીનાં ગુન્હાનાં પ્રસંગે છ મહીના કરતા ઓછી ન હોય તેવી કેદની સજા કરવામા આવશે પણ પાંચ વર્ષ સુધી લંબાવી શકશે અને આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભ નાં ઓછામા ઓછા છ ગણા જેટલો દંડ કરવામા આવશે.

વધુમા, એવું સાબીત થાય કે, કોઈપણ કૃત્રિમ સાધનો અથવા ગ્રાહકે વાપરેલી વિજળી માટે જુદી પાડવા, વાપરવા અથવા ઉપયોગ કરવા માટે બોર્ડે અથવા લાઈસન્સદારે અધિકૃત કર્યા ન હોય તે સાધનો અસ્તિત્વમા હોય તો, વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી એવું માની લેવામા આવશે કે, કોઈપણ ઈલેકટ્રીસીટી જુદુ પાડવાનું, વપરાશ અથવા ઉપયોગ આવા ગ્રાહકે બદદાનતથી કરેલ છે.

–– રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલ કોઈપણ અધિકારી–

**(એ)** જેમા તેને એવું માનવાને કારણ હોય કે, વિજળી, અનધિકૃતરીતે વાપરવામા આવી છે અથવા વાપરવામા આવી રહી છે તેવા કોઈપણ સ્થળ

અથવા જગામાં પ્રવેશી શકશે, તપાસી શકશે, તોડીને ખોલી શકશે અને ઝડતી લઈ શકશે,
**(બી)** વિજળીનાં અધિકૃત ઉપયોગ માટે વાપરવામા આવી હોય અથવા વપરાઈ રહી હોય તેવી તમામ ડિવાઈસ, ઓજાઓ, વાયર અને બીજી કોઈપણ સગવડો અથવા ચિજ વસ્તુ જપ્ત કરી શકશે, કબજે લઈ શકશે,
**(સી)** હિસાબનાં ચોપડા અથવા દસ્તાવેજો તપાસી શકશે અથવા કબજે લઈ શકશે જે તેનાં અભિપ્રાય મુજબ પેટા કલમ(૧) હેઠળનાં ગુન્હાનાં સબંધમા કોઈ કર્મચારી માટે અથવા તેનાં સબંધમા ઉપયોગી થશે અને જેની કસ્ટડીમાથી આવા હિસાબનાં ચોપડા અથવા દસ્તાવેજ કબજે લીધા હોય તેમાથી વ્યકિતને તેની નકલ કરવા દઈ શકશે અથવા તેની હાજરીમા તેમાથી ઉતારો લઈ શકશે. **(૩)** ઝડતીનાં સ્થળનો ભોગવટેદાર અથવા તેનાં વતી કોઈ પણ વ્યકિત ઝડતી દરમિયાન હાજર રહેશે અને આવી ઝડતી દરમિયાન કબજે લીધેલી તમામ વસ્તુઓની યાદી તૈયાર કરવી જોઈશે અને આવા ભોગવટેદાર અથવા આવી વ્યકિતને આપશે, તેણે યાદીમા સહી કરવી જોઈશે.
પરંતુ, કોઈપણ ધંધાનું સ્થળ અથવા જગાની તપાસ, ઝડતી અને જપ્તી સુર્યોદય અને સુર્યાસ્ત વચ્ચે આવી જગાનો ભોગવટો કરતા પુખ્ત પુરૂષ સભ્યોની હાજરી સિવાય કરી શકાશે નહીં.
**(૪)** જપ્તી અને ઝડતીને લગતી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (સને ૧૯૭૪નાં બીજા)ની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી આ અધિનિયમ હેઠળની જપ્તી અને ઝડતીને લાગુ પડશે.

**૨૦.** આરોપી વિરુધ્ધ આંક- ૬ થી ફરમાવેલ તહોમતનામા સાથે ઉપરોકત ધી ઈન્ડિયન ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ- ૧૩૫ નાં પ્રબંધો નજર સમક્ષ રાખી ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવો ધ્યાને લેતા સદર કામે આંક-૧૧ થી યુ.જી.વી.સી.એલ.કંપનીના નાયબ ઈજનેર અને આ કામના ફરીયાદી એવા ભાવેશકુમાર શીવરામભાઈ પટેલને તપાસવામા આવેલા છે. આ ફરીયાદીના પુરાવા દરમ્યાન આંક-૧૨ થી ફરીયાદ રજુ થયેલી છે તે ફરીયાદ લક્ષમા લેતાં, તા. ૧૬/૧/૨૪ ના રોજ યુ.જી.વી.સી.એલ.ધ્વારા હાથ ધરવામાં આવેલ વીજ ચેકીંગ દરમ્યાન કબજે કરેલ મીટરની ચેકીંગ શીટ તથા લેબ રીપોર્ટ જોતાં, આરોપીએ પોતાના કબજા ભોગવટાની મીલકતમાં આવેલ વીજ મીટરની પેટી પરનો સીલ ટેમ્પર્ડ કરી મીટરના ટર્મીનલ બ્લોકને ખોલી મીટરની અંદર રહેલ મીટરની ફેઝ સર્કીટમાં રહેલા શંટરજીસ્ટન્સના બે વાયર પૈકી એક વાયરને કાપી મીટરની પીસીબી સર્કીટમાં જતો વીજ પ્રવાહ કાયમી ધોરણે "૦" કરી તેમજ મીટરની

ન્યુટ્રલ સર્કીટમાં પરોવેલી કોઈલના બે વાયર વચ્ચે પંચર કરી કોઇ બાહય રજીસ્ટન્સનું કાયમી ધોરણે જોડાણ આપી, મીટરની ન્યુટ્રલ સર્કીટમાં પીસીબીમાં જતો વીજ પ્રવાહ કાયમી ધોરણે ઓછો થાય તેવી કાયમી વ્યવસ્થા કરેલ હોવાનું જણાઈ આવેલ  અને તે મુજબ આરોપીએ વીજ મીટરમાં વીજ ચેડા કરી વીજ મીટર કાયમી ધોરણે ફરતુ બંધ કરી ઘરમાં ગેરકાયદેસર વીજ વપરાશ કરી, કુલ રુ. ૩,૨૬,૨૧૪/-ની વીજ ચોરી કરેલ હોવા સબબની આરોપી વિરુધ્ધ ફરીયાદ, કરીયાદી દ્વારા  નોંધાવવામા આવેલ હોવાનું જણાય છે.

**૨૧.** હવે આંક-૧૨ ની ફરીયાદ સાથે આંક-૧૧ નાં ફરીયાદી સહિત આંક-૧૬ થી એ.એસ.ગૌસ્વામી કે જેઓ યુ.જી.વી.સી.એલ.ના કર્મચારી અને ચેકીંગ ટીમના સભ્યો છે તેઓના પુરાવા સાથે આંક- ૧૮ ના લેબ કચેરીમાં ફરજ બજાવતા જે.આર.ચૌધરીના પુરાવા તથા આંક-૧૯ ની લેબ ચેકીંગ કાર્યવાહીની સીડી તથા આંક-૨૦ ના લેબ ચેકીંગ રીપોર્ટને ધ્યાને લેતાં, આરોપીની વીજ મીટરને પરમેનન્ટ ડીસકનેકટ કરવા સબની અરજીના અનુસંધાને આરોપીના ત્યાં વીજ ચેકીંગમાં ગયેલ જયાં મીટરમાં છેડછાડ થયેલ હોવાનું જણાતાં, આ મીટરનું લેબ ટેસ્ટ કરાવતાં, ફરીયાદમાં દર્શાવ્યા મુજબના ચેડા જણાઇ આવેલ હોવા સબબની હકીકતને સમર્થન મળે છે પરંતુ ફરીયાદી સહિતના સાહેદોના પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ હકીકત સાથે આંક- ૧૭ થી રજુ થયેલ તપાસણી અહેવાલ જોતાં, આ મીટર તથા વીજ કનેકશન હાલના આરોપીના નામે નોંધાયેલ હોય તેવું જણાઇ આવતું નથી.  હવે જો ફરીયાદપક્ષ એવું કહેતા હોય કે, વીજ મીટર આરોપીની માતા ક્રિષ્ણાબેનના નામનું છે પરંતુ વપરાશકર્તા અને કબજેદાર હાલના આરોપી છે તો તેવી હકીકતને  રેકર્ડ પરનો પુરાવો તથા સંજોગો સમર્થન કરતા  નથી. કારણ કે, ફરીયાદીના પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ હકીકત જોવામાં આવે તો, બનાવવાળું મકાન બે માળનું છે અને ઉપર નીચે એમ બે મીટર હતા જે મીટર નીચેના ભાગે આજુબાજુ

લગાવેલ હતા જે પૈકી એક મીટર ક્રિષ્ણાબેનના નામે અને એક મીટર નિતીનભાઇ એટલે કે હાલના આરોપીના નામે હતું તેવું સ્વીકારેલ છે ત્યારે આરોપીના નામે પ્રથમથી જ એક મીટર હોય અને તેનો વપરાશ આરોપી કરતા હોય તેવા સંજોગોમાં ક્રિષ્ણાબેનના મીટરનો વપરાશ કરવાની આરોપીને શું જરુરીયાત હોય ? તે સબંધે ફરીયાદપક્ષે કોઇ ખુલાસો થયેલ નથી. બનાવ સમયે ક્રિષ્ણાબેન હયાત હતા કે કેમ? તે સબંધે ફરીયાદીએ કોઇ પુછપરછ કરેલ નથી. તપાસના કામે પણ ક્રિષ્ણાબેનની હયાતી સબંધે કોઇ તપાસ થયેલ નથી. તેમછતાં, એકતબકકે ફરીયાદી તથા સાહેદના પુરાવા આધારે ક્રિષ્ણાબેનના નામના મીટરનો હાલના આરોપી ઉપયોગ કરી વીજ વપરાશ કરતા હોવાનું માનવામાં આવે તો પણ રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી મીટરના ચેડા હાલના આરોપીએ જ કરેલ કે કેમ? તથા બનાવ સમયે યુ.જી.વી.સી.એલ.ના અધિકારી/કર્મચારીએ મીટર તેની મુળ સ્થીતીમાં જ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ છે કે કેમ? તેવું નિ:શંકપણે પુરવાર થતું નથી. કારણ કે, ઉપર ચર્ચા કર્યા મુજબ વીજ મીટર આરોપીની માતા ક્રિષ્ણાબેનના નામનું છે અને આ વીજ મીટરનો હાલના આરોપી વપરાશકર્તા અને કબજેદાર હોય તો તેવી હકીકતને રેકર્ડ પરનો પુરાવો તથા સંજોગો સમર્થન કરતા નથી તે જોતાં તેમજ બનાવ અરસામાં સોલાર પેનલ નાંખવાની સ્કીમ પણ ચાલુ હતી તે સંજોગોમાં આંક- ૨૦ ના લેબ રીપોર્ટ આધારે મીટરમાં ચેડા થયેલ હોવાનું માનવામાં આવે તો પણ તે હાલના આરોપીએ જ મીટરમાં ચેડા કરેલ છે તેવું નિ:શંકપણે પુરવાર થતું નથી. વધુમાં, ફરીયાદી તથા સાહેદોના પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ હકીકત જોતાં, બનાવ સ્થળ સોસાયટીના રહેણાંક વિસ્તારમાં આવેલ છે તે સંજોગોમાં સ્વતંત્ર સાહેદોની હાજરી હોવાછતાં, આવા કોઇ સાહેદોની હાજરીમાં કે પંચ સાહેદોની હાજરીમાં પંચનામાની વિગતે મીટર કબજે કરવામાં આવેલ નથી અને પંચનામાની વિગતે મીટર કબજે નહીં કરવા સબબ કોઇ

ખુલાસો પણ ફરીયાદપક્ષે થયેલ નથી. આ કામે ફરીયાદી સહીત જે કોઈ સાહેદો તપાસવામાં આવેલા છે તે યુ.જી.વી.સી.એલ. કંપનીના અધિકારી/કર્મચારીઓ છે અને તે તમામ પ્રથમ દ્દષ્ટિએ જ રસ ધરાવનાર સાહેદો કહી શકાય ત્યારે એકમાત્ર યુ.જી.વી.સી.એલ.ના અધિકારી/કર્મચારીના પુરાવા પર આધાર રાખી, મીટર તેની મુળ સ્થતીમાં જ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ હોવાનું માની શકાય નહીં.

**૨૨.** વધુમાં આ કામે આંક–૧૦ નું ગુનાવાળી જગ્યાના પંચનામા સાથે આંક–૧૬ ના ફરીયાદીનો પુરાવો જોતાં, બનાવવાળું મકાન બે માળનું હોવાનો ઉલ્લેખ છે જયારે આંક–૨૭ ના ત.ક.અ.શ્રીના પુરાવા દરમ્યાન મકાનના માલીકી સબંધે આંક–૩૦ થી રજુ થયેલ મકાન વેરાની પાવતી જોતાં, આરોપીના નામે આવેલ મકાન બે માળનું હોય તેવી હકીકતને સમર્થન મળતું નથી. આ કામે મકાનની માલીકી કબજા સબંધે તપાસના કામે સબંધીત અધિકારી/કર્મચારી કે સોસાયટીના કોઇ હોદ્દેદારનું નિવેદન લઇ તેઓનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ નથી. આમ, રજુ પુરાવાથી બનાવવાળી જગ્યા પણ યોગ્ય રીતે પુરવાર થયેલ નથી. ૨૦૧૧(૨) સી. એ. સી.સી.પાના નંબર–૮૨ ઉપર સંતોષ દત્તા વિ. મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીક સીટી બોર્ડ અને બીજાઓના કેસમાં નામદાર બોમ્બે હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, બનાવવાળી જગ્યા જ્યારે યોગ્ય રીતે પુરવાર થયેલ ના હોય, સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલા ના હોય, કેટલા યુનીટ ગેરકાયદેસર રીતે વાપરવામાં આવેલા છે તે અંગેની કોઈ સ્પેશીફીક ફીગર ના હોય ત્યારે આવા અપુરતા પુરાવા ઉપર સજા થઈ શકે નહીં. નામદાર બોમ્બે હાઈકોર્ટે એવો લો લેઈડ ડાઉન કરેલ છે કે, માત્ર રસ ધરાવનાર સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી સજા થઈ શકે નહીં. હાલના કેસમાં પણ ઉપર ચર્ચા કર્યા સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલા નથી, માલીકી કે કબજા બાબતે કોઈ નિ:શંક પુરાવો નથી, બનાવવાળી જગ્યા યોગ્ય રીતે પુરવાર

થયેલ નથી ત્યારે માત્ર કંપનીના હીત ધરાવનાર કે રસ ધરાવનાર સાહેદોના એકલાના પુરાવા ઉપર આધાર રાખી સજા કરી શકાય નહીં. નામદાર બોમ્બે હાઈકોર્ટના ૨૦૧૧ (૨) સી.એ.સી.સી. પાના નં.૮૫ ઉપરનો યુવરાજ પુન્ડાલીકના કેસમાં પણ એવું ઓબ્ઝવ કરેલું છે કે, જયારે ગુનાવાળી જગ્યાનું પંચનામું સ્વતંત્ર સાહેદો થી પુરવાર કરવામાં ના આવે અને વળતર ચુકવવા બાબતની યોગ્ય રીતે કેલ્કયુલેશન શીટ રજુ થયેલ ના હોય ત્યારે એવું કહી શકાય કે ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી.

**૨૩.** વધુમાં ધી ઈલેકટ્રીક એકટ ૨૦૦૩ અન્વયે જે રેગ્યુલેશન્સ કરવામાં આવેલા છે તેના રેગ્યુલેશન નં.૧૧માં વીજચોરીના ગુના અંગેની ફોજદારી કાર્યવાહી કરવા અંગેની કાર્યરીતિ દર્શાવવામાં આવેલી છે અને તે મુજબ વીજ ચોરીનો બનાવ જાણમાં આવતાં તુર્તજ તેની જાણ પોલીસને કરવાની થાય છે અને તે જ વખતે પંચનામું તૈયાર કરાવી પોલીસમાં ફરીયાદ આપવાની થાય છે. પોલીસે પંચો રૂબરૂ તૈયાર કરાવેલ પંચનામામાં વીજ ચોરી માટે વપરાયેલ સાધનો કબજે કરવા બદલનો ઉલ્લેખ પણ કરવાનો થાય છે. રેગ્યુલેશન નંબર:૧૧ નીચે મુજબ છે.

"Regulation 11 : Procedure for initiating criminal proceedings in respect of offenses relating to theft of electrical energy :
When theft of electrical energy is detected by any officer to the Board, the officer authorized to initiate criminal proceedings under regulation 5 (1) shall be guided by the provisions of section-39 to 49, 49 A and 50 of the Indian Electricity Act-1910 which are reproduced in Appendix "A" to this regulation and shall observe the following procedure namely:-
(1) when illegal abstraction of electrical energy is detected, the police shall be informed immediately. The premises in which this offense is being committed may

then be entered in the company of police officer with necessary panch witnesses, so that the panchnama may be recorded in their presence. Formal complaint may then be lodged with the police. It is absolutely essential that the existence of the artificial means used for illegal abstraction of electrical energy should be recorded in the panchnama made by the police in the presence of panch witness."

**૨૪.** પ્રસ્તુત કેસમાં આ રેગ્યુલેશન મુજબની કોઈ કાર્યરીતિ થઈ નથી. રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતાં, આરોપીની વીજ મીટર પરમેનન્ટ ડીસકનેકટ કરવાની અરજીના અનુસંધાને તા. ૧૬/૧/૨૪ ના રોજ મીટર બદલવાની કાર્યવાહી થયેલ છે તેમજ તા. ૨૫/૧/૨૪ ના રોજ આ મીટરનું લેબ ટેસ્ટીંગ કરતાં, તેમાં ફરીયાદ મુજબના મીટરમાં ચેડા થયેલ હોવાનું જણાઈ આવતાં આરોપી વિરુધ્ધ ફરીયાદ નોંધાવવામાં આવેલ છે જે ફરીયાદ તા. ૧૭/૩/૨૪ ના રોજ એટલે કે મીટરમાં ચેડા કરી વીજ ચોરી કરેલ હોવા સબબ ફરીયાદપક્ષને તા. ૨૫/૧/૨૪ ના રોજ જાણ થઈ ગયેલ હોવાછતાં, બનાવની ફરીયાદ દોઢેક માસ ઉપરાંતના વિલંબ બાદ નોંધાવવામાં આવેલ છે અને ગુનાવાળી જગ્યાનું પંચનામું ત્રણ માસ બાદ થયેલ છે અને ઉપર ચર્ચા કરી તે મુજબ બનાવનું સ્થળ પણ યોગ્ય રીતે પુરવાર થયેલ નથી. આમ, રેગ્યુલેશન નં.૧૧ નું પાલન થયેલ હોવાનું જણાતું નથી.

**૨૫.** વધુમાં, ધી ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ:૧૫૧ ની જોગવાઈ જોવામાં આવે તો, તે નીચે મુજબ છે.

" Sec-151:- Cognizance of offense (Electricity Act-2003)
No court shall, take cognizance of an offence punishable under this Act except upon a complaint in writing made by appropriate government or appropriate commission or any of their officer authorized by them. or a Chief Electrical

inspection or electrical inspector or licensee or the generating company as the case may be for this purpose."

આમ, ઉપરોકત જોગવાઈ સાથે હાલના કેસનું સમગ્ર રેકર્ડ જોવામાં આવે તો, નિયત કરવામાં આવેલ વ્યકિત માત્ર વીજ ચોરી અંગેની ફરીયાદ કરી શકે છે. ફરીયાદીને આ ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતનો કોઈ પુરાવો ન હોઈ આ કલમની જોગવાઈ મુજબ આ અદાલત આરોપવાળા ગુના અંગેની વિચારણા કરવા સત્તા મેળવતી નથી. આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતાં, આરોપીએ વિજ ચોરીની રકમ ભરપાઇ કરી દીધેલ છે. વધુમાં ઉપર ચર્ચા કરી તે મુજબ હાલના આરોપીએ જ મીટરમાં ફરીયાદ મુજબના ચેડા કરી વીજ ચોરી કરેલ હોય કે બનાવ સમયે આરોપીના કબજા ભોગવટાના મકાનમાંથી કબજે કરેલ મીટર તેની મુળ સ્થીતીમાં જ કબજે કરવામાં આવેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થતું નથી. રજુ પુરાવાથી બનાવવાળી જગ્યા યોગ્ય રીતે પુરવાર થતી નથી. તપાસના કામે બનાવવાળી જગ્યાની આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. જે સાહેદને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ છે તે યુ.જી.વી.સી.એલ.ના કર્મચારી/અધિકારી છે જેઓ રસ ધરાવતા સાહેદો કહી શકાય. ફરીયાદ જોતાં દોઢેક માસના વિલંબ બાદ નોંધાવવામાં આવેલ છે અને વિલંબ સબબ કોઇ સંતોષકારક ખુલાસો પણ થયેલ નથી. આ સંજોગોમાં ઈલેકટ્રીક એકટ-૨૦૦૩ ના રેગ્યુલેશન નં. ૧૧ સાથે ક. ૧૫૧ નો ભંગ થાય છે. આમ, સમગ્ર હકીકતો ધ્યાને લતાં, ફરીયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**<u>પંચનામાની ચર્ચા ::-</u>**

**૨૬.** સદર કામે આંક-૧૦ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે તે જોતાં, બનાવ સ્થળની સ્થળસ્થિતી તેમજ ચતુર્દીશા દર્શાવેલ હોય તેવું જણાય છે પરંતુ આ પંચનામા સાથે આરોપીની માલીકી દર્શાવતા

પુરાવા એટલે કે વેરા પાવતી જોતાં, બનાવવાળું મકાન એક માળનું હતું કે બે માળનું તે સબંધે મહત્વનો વિરોધાભાસ આવે છે. રજુ પુરાવાથી બનાવવાળું સ્થળ યોગ્ય રીતે પુરવાર થતું નથી. વધુમાં આ પંચનામું જોતાં, બનાવ સ્થળેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી ત્યારે આ પંચનામું આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષને વિશેષ મદદરુપ નથી.

**<u>પોલીસ સાહેદોનાં પુરાવાની ચર્ચા::–</u>**

**૨૭.** સદર કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૫ થી પી.એસ.ઓ. તથા આંક–૨૭ થી ત.ક.અ.શ્રીને તપાસવામાં આવેલા છે. આ પોલીસ સાહેદોનો પુરાવો લક્ષમા લેતા તેઓ ધ્વારા સ્વાભાવિકરીતે જ તેમણે તેમની ફરજનાં ભાગ રૂપે સદર ગુન્હાનાં કામે કરેલ કામગીરીનું વર્ણન પોતાનાં સોગંદ ઉપરનાં પુરાવામા વિગતવાર જણાવવામા આવેલ છે પરંતુ, આ ત.ક.અ.શ્રીઓનો સમગ્ર પુરાવો જોતાં, તપાસ પુરતી અને ઉંડાણ પુર્વક કરેલ હોવાનું જણાઈ આવતું નથી. આ કામે બનાવ સ્થળના કબજા ભોગવટા સબબ કોઇ સબળ પુરાવો મેળવેલ નથી કે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લઈ સાક્ષી તરીકે દર્શાવેલ હોય તેવું જણાઇ આવતું નથી.

**૨૮.** આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતાં, રજુ પુરાવાથી આરોપી સામે આંક–૬ થી ફરમાવેલ તહોમતનામાની વિગતે તા. ૧૬/૧/૨૪ ના રોજ ક. ૧૨/૨૮ વાગે જી.ઈ.બી.ના અધિકારી/કર્મચારીઓ ધ્વારા હાથ ધરેલ વીજ ચેકીંગ દરમ્યાન આરોપી વિજ ગ્રાહક હોવાછતાં, આરોપીએ અગ્રેસન સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર મુકામે આવેલ પોતાના કબજા ભોગવટાના મકાનમાં વિજ મીટરની સાથે ચેડા કરી, વિજ મીટર કાયમી ધોરણે ફરતુ બંધ કરી ઘરમાં ગેરકાયદેસર વિજ વપરાશ કરી, કુલ રુા. ૩,૨૬,૨૧૪/–ની વિજ ચોરી કરતાં મળી આવી, આરોપીએ ધી ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ– ૧૩૫(૧)(બી) મુજબ ગુનો

કરેલ હોવા સબબની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી જેથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમા ઠરાવવામા આવેલ છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: આખરી હુકમ::**

(૧) **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) (બી. એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧))** મુજબ **આરોપી નીતીનકુમાર બદ્રીપ્રસાદ અગ્રવાલને ધી ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ– ૧૩૫(૧)(બી)** મુજબના ગુન્હાના તહોમતમાંથી **શંકાનો લાભ આપી, છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના બેઈલ બોન્ડ રદ કરવા.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ જો સદર હુકમને કોઈ અપીલ દ્વારા પડકારવામાં આવે તેવા પ્રસંગે, આરોપીએ એપેલેટ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેશે તેવી ખાત્રી માટે રૂા. ૫,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

હુકમ આજ તારીખ. ૨૮મી માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર.
તારીખ : ૨૮ –૪–૨૦૨૬

**(શુભદા કૃષ્ણકાન્ત બક્ષી)**
સ્પેશ્યલ જજ,
બનાસકાંઠા–પાલનપુર
**(કોડ નં.જી.જે.૦૦૩૭૭)**